ગાંધીનગર સમાચાર
તા. ૨૦-૧૨-૨૦૧૩, શુક્રવાર

તંત્રી સ્થાનેથી....

ગાંધીનગરની શિયાળુ સવાર

ગાંધીનગર ફરી એકવાર હિલ સ્ટેશન જેવું બની રહ્યું છે. ચોમાસામાં જ્યારે વાદળઘેર્યું આભ ઝરમરઘારે વરસતું હોય છે ત્યારે એનો નજારો અદ્દલ નૈનીતાલ કે અલમોડાની યાદ અપાવતો હોય છે, તો વળી આ શિયાળાની ઋતુમાં એ માઉન્ટ આબુ જેવું આહલાદક બની રહે છે. છેલ્લા ચારેક દિવસથી ગુજરાતના સૌથી ઠંડા શહેરનો મોરમુકુટ આપણી આ પ્રિય રાજનગરીના શિરે મુકાયેલો છે. પારો નવ ડિગ્રીની આસપાસ રહ્યા કરે છે અને ઉચ્ચતમ તાપમાન આંક પણ ત્રીસથી નીચે રહેતો હોઈ દિવસે પણ લોકો મફલર, કાનટોપી કે સ્વેટર પહેરીને બહાર નીકળવાનું પસંદ કરે છે. શિયાળો આમ જુઓ તો બાર માસની તંદુરસ્તી ઓળવી લેવાની ઋતુ છે. પરંપરાગત રીતે આ જાતજાતનાં અને ભાતભાતનાં વસાણાં ખાવાની ઋતુ છે. ગરમાગરમ મસાલેદાર ચાથી લઈપરમિટધારીઓ માટે આ શ્રેષ્ઠ પ્રકારના આસવની ચૂસકીઓ લઈ મસ્તીમાં ઝૂમવાની ઋતુ છે. વિશાળ રાજમાર્ગો પર મૉર્નિંગ વૉક કરવા નીકળેલા નગરવાસીઓને દર ફર્લાંગે એરિસ્ટોક્રેટ, બ્લૅકલેબલ કે રૉયલ સ્ટૅગનાં ખાલી ખોખાં અને બિયર બાટલીઓનાં દર્શનનો લહાવો સાંપડે છે. ગાંધીના નામે ચડાવી દેવાયેલા પાટનગરમાં મદ્યનિષેધનો કાનૂન ફક્ત ચોપડા પર જ રહી ગયો હોય એમ નથી લાગતું? સુખિયાં લોકોનાં ફ્રીઝ આવાં ખટમીઠાં મૂલ્યવાન દ્રવ્યોથી છલકાતાં રહે છે તો વળી જેની ઝાઝો ખર્ચ કરવાની જુગત ન હોય એવા નિમ્ન મધ્યમ વર્ગના અને ગરીબી રેખાની આસપાસના લોકો ઠંટીમાં ઠૂંઠવાતા પવિત્ર સાબરમતીનાં કોતરોમાં ધૂણી ધખાવી પરંપરાગત મદ્ય ઉત્પાદન કરનારા શ્રમિક વર્ગના માલનો ઉપાડ કરે છે. સાબરમતીના સૂકા પટને મહુડાની સુગંધથી તરબતર જોવી, જાણવી અને માણવી એ પણ એક લહાવો છે. નગરમાં વસતા મૂર્ધન્ય નવલકથાકાર છેલ્લાં પંદર વરસથી એ થીમ પર આખેઆખી નવલકથા લખી રહ્યા છે, જે ક્યારે પૂરી થશે, એની ખુદ એમને પણ ખબર નથી. આટલી હળવી મજાક પછી ગાંધીનગરના સ્વાસ્થ્યવર્ધક શિયાળાને સલામ કરીએ. અહીં રાષ્ટ્રની જ નહીં, વિશ્વની એકતા માટે મેરેથોનનું આયોજન થઈ શકે એવા ઉદાર મનના માનવીના દિલ જેવા પહોળા રાજમાર્ગો છે, જીનેવામાં ભરાતી વિશ્વસ્તરની શિખર પરિષદો ભરી શકાય એવો મહાત્મા મંદિરનો વિશાળ સભાખંડ છે. પુનિતવન જેવા ફાઈવસ્ટાર પાર્ક છે. શિયાળાની કોઈ વહેલી સવારે બહાર નીકળો તો ખબર પડે કે અહીં રહેતા નગરજનો સ્વાસ્થ્યની જાળવણીના મુદ્દે કેટલા જાગ્રત છે. ઝડપભેર ચાલતી માનુનીઓને અધવચ્ચે સામી મળતી નીલગાયોનો ડર નથી લાગતો. વૃક્ષો પર ઊંધી લટકતી વાગોળો કે વિદેશી પક્ષીઓ, સચિવાલય સામેના જંગલમાં રાતવાસો કરતા ગાંધીનગરના કાગડા અને બગલા, સેકટર-૯માં જંગલ કપાઈ જતાં સ્થળાંતર કરી સેકટર-૧૯માં આશ્રય લઈ રહેલા મોરનાં ઝુંડ- આ બધું જોવા અને માણવાથી તમારું હાઈ બ્લડપ્રેસર વગર દવાએ કાબૂમાં રહેશે. શરત એટલી કે હિંમત કરીને જરા વહેલી સવારે એકવીસની મસ્જિદમાં અજાન પોકારાય તેની સાથે જ પથારી છોડીને રસ્તા પર આવી જવાની તૈયારી હોવી જોઈએ.

વ્યસનમુક્તિ કાર્યક્રમ યોજાયો

શહેરના આવેલી તક્ષશિલા માધ્યમિક વિદ્યાલય સે. ૧ ઉમાં વ્યસનમુક્તિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં શાળામાં અભ્યાસ કરતા બાળકોને વ્યસનથી દૂર રહેવા પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. શહેરના સે. ૧૩ ખાતે આવેલી તક્ષશિલા વિદ્યાલયમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ગુલાબચંદ પટેલે વ્યસનથી દૂર રહેવા સંકલ્પ લેવડાવ્યા હતા. શાળામાં અલગ-અલગ વર્ગમાં અભ્યાસ કરતા કુલ ૨૪ વિદ્યાર્થીઓએ વ્યસન સાથે નાતો તોડ્યો છે અને હવે પછી ક્યારેય વ્યસન નહિ કરે તેવો સંકલ્પ લીધા હતા. કાર્યક્રમમાં શાળાનો શિક્ષકગણ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

બ્રહ્મસમાજનો સ્નેહમિલન-પુસ્તક વિમોચન કાર્યક્રમ યોજાશે

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર દ્વારા સ્નેહમિલન અને બ્રહ્મ પરિવારની પરિચય પુસ્તિકાનું વિમોચન કાર્યક્રમ યોજાશે. શહેરમાં વસતા સમસ્ત બ્રહ્મસમાજનું સ્નેહમિલન સમારોહ અને સમાજના જ્ઞાતિજનો એક-બીજાથી પરિચિત થાય તે હેતુસર પરિવારની પુસ્તિકાનું વિમોચન તા. ૨૨ ડિસેમ્બર રવિવાર સાંજે ૫.૦૦ કલાકે બ્રહ્મભવન સે. ૧૬ ખાતે યોજવામાં આવશે. કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા બ્રહ્મસમાજના પરિવારોને મુકેશ શુક્લ અને મયંક ભટ્ટે જણાવ્યું છે.

આર.જી. અને એસ.બી. પટેલ શાળાની વિદ્યાર્થીનીઓ જિલ્લા કક્ષાએ વિજેતા બની

ચાર વિદ્યાર્થીનીઓ રાજ્ય કક્ષાએ ભાગ લેશે

ગાંધીનગર, તા.૧૯

હાલમાં યોજાયેલ ખેલ મહાકુંભમાં કડી સંકુલમાં આવેલી આર.જી. પટેલ કન્યા માધ્યમિક અને એસ.બી. પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળાની વિદ્યાર્થીનીઓ જિલ્લા કક્ષાએ પસંદગી પામી છે.

ખેલ મહાકુંભ અંતર્ગત સ્પર્ધાઓ ગાંધીનગર શહેર અને જિલ્લાના ગામડામાં યોજવામાં આવી હતી. જેમાં શાળાની કુલ ૫૧૫ વિદ્યાર્થીનીઓએ વિવિધ સ્પર્ધામાં ભાગ લીધો હતો.

સચિવાલય જીમખાના ખાતે યોજવામાં આવેલી સ્વીમીંગ સ્પર્ધામાં પ્રિતી રાઠોડે પ્રથમ નંબર મેળવી રૂ. ૧૫૦૦૦નું રોકડ ઈનામ મેળવી રાજ્ય કક્ષાએ પસંદગી પામી છે તેમજ ખો-ખો સ્પર્ધામાં નિરાલી ચૌધરી, મયુરીકા શ્રીમળી અને મૃગેશા વાઘેલાએ ત્રીજો ક્રમ મેળવી રૂ. ૧૧૦૦૦ ઈનામ મેળવ્યું છે. જ્યારે વોલીબોલ સ્પર્ધામાં શાળાની ટીમે બીજો નંબર મેળવી રૂ. ૨૪૦૦૦ ઈનામ મેળવ્યું છે. વોલીબોલ સ્પર્ધામાં શાળાના વ્યાયામ શિક્ષિકા ઉર્વશીબેન જોષીએ ભાગ લઈ રૂ. ૨૦૦૦નું ઈનામ મેળવ્યું છે.

વોલીબોલ સ્પર્ધામાં શાળાની ચાર વિદ્યાર્થીનીઓ ક્રિશ્ના પટેલ, પ્રિયંકા પરમાર, નિકીતા વાઘેલા અને ઉર્વશીબેન જોષીની રાજ્ય કક્ષાએ પસંદગી થઈ છે. સ્પર્ધામાં શાળાનું ગૌરવ વધારવાથી શાળા પરિવાર દ્વારા તમામ વિદ્યાર્થીનીઓને અભિનંદન પાઠવ્યા છે.

ઓરિસ્સાની એનએસએસની ટીમ ઈન્ટર સ્ટેટ એક્ષચેન્જ પ્રોગ્રામ હેઠળ આજે કડી સર્વ વિશ્વવિદ્યાલય ગાંધીનગરની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે કડી સર્વ વિશ્વ વિદ્યાલયના પ્રેસિડેન્ટ વલ્લભભાઈ એમ. પટેલ, ડાયરેક્ટર ડી.ટી. કાપડીયા, રજીસ્ટ્રાર એસ.કે. મંત્રાલા, એનએસએસના કો-ઓર્ડીનેટર ડો. રણછોડભાઈ રથવી, એનએસએસના રીજીયોનલ હેડ કમલકુમાર, ડો. દિવ્યેશભાઈ શાસ્ત્રી હાજર રહ્યા હતા. એનએસએસની ટીમને આવકારતાં યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ વલ્લભભાઈ પટેલે એનએસએસની સમાજમાં ઉપયોગીતા વિશે પોતાના વિચારો પ્રગટ કરી એનએસએસની કામગીરીને બિરદાવી હતી.

ગોવર્ધનનાથજી હવેલી ખાતે વચનામૃત કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર વૈષ્ણવ સમાજ દ્વારા ગોવર્ધન નાથજીની હવેલી સે. ૨૧ ખાતે તા. ૨૮ ડિસેમ્બર શનિવાર સાંજે ૪.૦૦ કલાકે વચનામૃત કાર્યક્રમ રાખવામાં આવેલ છે. જેમાં પૂ.પા. ગોસ્વામી ૧૦૮ કુંજેશકુમાર મહોદય કડી-અમદાવાદ ઉપસ્થિત રહેશે. આ વચનામૃત કાર્યક્રમમાં શહેરના વૈષ્ણવોને લાભ લેવા જણાવ્યું છે.

હરિની દૃષ્ટિ...

મમ્મીએ કહ્યું છે, જ્યાં દારૂ અને છોકરાઓ હોય ત્યાં નાતાલ પાર્ટીમાં નહીં જવાનું... ધન શોર્ટ મમ્મી દિવાળી ઉજવો એમ કહે છે...!!

મેરેથોન રનર્સ અપ વિનર... કલ્પતરૂ પાવર ટ્રાન્સમિશન લી. કંપનીના સીઈઓ અને પ્રેસિડેન્ટ તેમજ ગાંધીનગર રનર્સ ગ્રુપનાં સ્થાપક શ્રી બી.કે. સતીષ બેંગ્લોરમાં યોજાયેલી હાફ મેરેથોન ૨૧.૦૯૭ કિ.મી.ની સ્પર્ધામાં સિનીયર વેટર્નસ કેટેગરીમાં ફર્સ્ટ રનર્સઅપ બની વિજેતા બન્યા છે. જેમને એ માટે મેડલ, ટ્રોફી અને અન્ય ઈનામો મળ્યા છે. ૬૨ વર્ષની ઉંમરે સતત દોડતાં રહેતા અને મેરેથોન જેવી કપરી સ્પર્ધામાં ઈનામ મેળવી એમણે એમનો મજબુત મનસુબો બતાવ્યો છે. મૈસુર-બેંગ્લોર કોરીડોરમાં યોજાયેલી આ મેરેથોન એ સીધી સપાટ રસ્તા પર નહી પણ ઉપર-નીચે થતાં વળાંકવાળા રસ્તા પર હતી જે દોડવી અત્યંત કપરી હતી. ગાંધીનગર રનર્સ ગ્રુપના સભ્યો એમની આ ઝળહળતી સફળતાથી અત્યંત રોમાંચીત છે. ગાંધીનગરના ગૌરવ સમાન મેરેથોન વિજેતા શ્રી બી.કે. સતીષને અનેક શુભેચ્છા.

ફીનાં ૫૦૦ ઉઘરાવતી યુનિ. હેન્ડરીટન પેપરો જ આપે છે

વિદ્યાર્થીઓને પ્રિન્ટીંગ પેપર આપવાની જગ્યાએ હેન્ડરીટન પેપર લખીને તેની જ ઝેરોક્ષ કાઢી આપી દેવામાં આવે છે

અમદાવાદ, તા.૧૯

ગુજરાત યુનિવર્સિટીમાં અત્યારે પરીક્ષાનો માહોલ બરાબર જામેલો છે. પરંતુ પરીક્ષામાં પણ વિવાદો યુનિવર્સિટીનો પીછો છોડવાનું નામ નથી લઈ રહ્યા કારણ કે ગુજરાતની સૌથી મોટી યુનિવર્સિટી હોવા છતાં યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીઓને પ્રિન્ટીંગ પેપર આપવાની જગ્યાએ હેડરીટન પેપર લખીને તેની ઝેરોક્ષ કાઢી વિદ્યાર્થીઓને આપવામાં આવે છે. વળી પેપરમાં લખવામાં આવેલ અક્ષરો એવા હતા કે વિદ્યાર્થીઓએ પેપર વાંચવા માટે જ તકલીફ પડી રહી છે ત્યાં વિદ્યાર્થીઓ પરીક્ષાના જવાબો ક્યાંથી લખે?

ગુજરાત યુનિવર્સિટી અને વિવાદ એક સિક્કાની બે બાજુ સમાન બની ગયા છે. યુનિવર્સિટીમાં અત્યારે પરીક્ષામાં પણ વિવાદો યુનિવર્સિટીનો પીછો છોડવાનું જાણે કે નામ જ નથી લઈ રહ્યા. વિદ્યાર્થીઓ પાસેથી રૂપિયા ૫૦૦ પરીક્ષા ફી ઉઘરાવતી આ યુનિવર્સિટી વિદ્યાર્થીઓને હેન્ડરીટન પેપર આપી રહી છે. એમએસસીનું આંકડાશાસ્ત્ર અને એલએલએમનું ક્રિમીનલ વિષયનું પેપર હેન્ડરીટન લખીને તેની ઝેરોક્ષ કોપીઓ વિદ્યાર્થીઓને અપાતા વિદ્યાર્થી પર ચોકી ઉઠ્યા હતા. એટલું જ નહીં પેપરમાં લખેલ અક્ષરો વાંચવા જ એક સમસ્યારૂપ બની ગયા હતા. આટલી મસમોટી પરીક્ષા ફી ઉઘરાવતી યુનિવર્સિટી પોતાની પ્રિન્ટીંગ પ્રેસ હોવા છતાં શા માટે વિદ્યાર્થીઓને હેન્ડરીટન પેપર આપે છે તે એક કોયડો છે પરંતુ તેના કારણે વિદ્યાર્થીઓને ભોગવવું પડી રહ્યું છે. તે નિરવિવાદીત સત્ય છે. ત્યારે બીજી બાજુ યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીઓ પાસેથી ઉઘરાવવામાં આવતી પરીક્ષા ફી ક્યાં વાપરવામાં આવે છે તેવી પ્રશ્નો પણ વિદ્યાર્થીઓમાં ચર્ચાઈ રહ્યા છે. એક તરફ યુનિવર્સિટીના કાર્યકારી કુલપતિ મુકુલ શાહ દરેક છબરડા બાદ કમિટી રચવાની જાહેરાત કરી મામલાને ઢોકપીછાડ કરવાનો પ્રયત્ન કરી રહ્યા છે પરંતુ ભુતકાળમાં થયેલ ભુલોમાંથી શીખ લઈ ભુલો સુધારવા માટે કોઈ પ્રયત્ન કરવામાં આવતો નથી. તો બીજી બાજુ યુનિવર્સિટીના બની બેઠેલા સત્તાધીશો પોતાની મનમાની ચલાવી રહ્યા છે જેનો ભોગ વિદ્યાર્થીઓને બનવું પડી રહ્યું છે.

સાવિત્રીબાઈ ફુલે અને ડૉ. આંબેડકર એવોર્ડ એનાયત કરવામાં આવશે

સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા આપવામાં આવતા વિવિધ એવોર્ડ જિલ્લાની એક મહિલા અને એક પુરુષને આપવામાં આવશે. તા. ૧ જાન્યુઆરી ટાગોર હોલ પાલડી અમદાવાદ ખાતે યોજાનાર એવોર્ડ કાર્યક્રમમાં કલોલ ખાતે રહેતા કોસાંબી જનબંધુ રામજીભાઈને વર્ષ ૨૦૧૨-૧૩ નો ડૉ. બાબા સાહેબ આંબેડકર એવોર્ડ એનાયત થશે. જયારે ચાંદખેડા ખાતે રહેતા પ્રિયંકા મધુકાન્ત કલ્પીતને વર્ષ ૧૨-૧૩ નો સાવિત્રીબાઈ ફુલે દલિત મહિલા કલા સાહિત્ય એવોર્ડ એનાયત કરવામાં આવશે.

ગાંધીનગર અને ગુજરાતના સંગીતાકાશમાં ધર્મેન્દ્ર તપોધન સદાય ઝળહળતા રહે તેવી શુભેચ્છા

કેફિયત કલા સાધકની

આશા સરવૈયા

સંગીત ક્ષેત્રે તબલાં વાદન પર પ્રભુત્વ મેળવવા માટે સાધના જરૂરી છે. તબલા વાદનમાં ક્રિએટીવીટી પણ રેડી શકાય. દરેક વ્યક્તિમાં પોતાના રંગ હોય છે. જેમાં આ કળા દ્વારા તમારા રંગ પણ ભેળવી શકો છો. ધીરજ અને શ્રદ્ધાથી આ કળા શીખવી જરૂરી છે. તબલાની એક એક થાપ કિંમતી હોય છે. તે સંગીતને તાલમાં લાવી દે છે. જેમ ધીમે ધીમે વાતા પવનના સૂર, વાદળોનો ગડગડાટ, તબલાં જેવો અને વરસાદનો ફોરાં ઝાંઝરના રણકારા સમા ભાસે અને આવું સંગીત તીવ્રત્તમ આનંદની પણ અનુભૂતિ કરાવે.

છેલ્લે વીસ વર્ષથી અમેરિકાની ધરતી પર ગાંધીનગર, ગુજરાત અને ભારતનુંનામ રોશન કરી 'સારે જગાં સે અચ્છા હિન્દુસ્તાન હમારા' માનનારા તબલા વાદક ધર્મેન્દ્ર તપોધનનો પરિચય આજે મેળવીએ.

ગાંધીનગરના ખૂબ જાણીતાં સંગીતકાર સ્વ. ત્રિકમલાલ તપોધનના ઘરે તા. ૨૮ ઑગસ્ટ ૧૯૬૬ના રોજ ગળથૂંથીમાં જ સંગીત વારસો લઈ જન્મેલા ધર્મેન્દ્રભાઈનું વતન અને જન્મ સ્થળ અમદાવાદ. ૧૯૭૦માં ગાંધીનગરની સ્થાપનાથી જ ત્રિકમભાઈ ગાંધીનગર આવી વસેલા. બીજા-ત્રીજા ધોરણના અભ્યાસથી જ ધર્મેન્દ્રભાઈ ગાંધીનગરના વતની બન્યા. ઘરમાં સંગીતનું વાતાવરણ, પિતાજીનું માર્ગદર્શન અને તબલા વગાડતા થયા. સેકટર-૨૨ની પ્રાથમિક શાળાના શરૂ થયેલા અભ્યાસ સાથે સંગીત શિક્ષા લેવાનું પણ શરૂ થયું. તબલાની પ્રાથમિક શિક્ષા પિતાજી પાસે લેવાનું શરૂ કર્યું. ધગશ, શોખ અને કૃપાને કારણે ધર્મેન્દ્રભાઈ ઝડપથી શીખવા લાગ્યા.

ગાંધીનગરની સ્થાપના બાદ શરૂઆતના વર્ષોમાં જાણીતા સંગીતકાર મુનિકુમાર દેસાઈ અને ત્રિકમભાઈ તપોધનના સંગીતના વર્ગો પંચદેવ મંદિર ખાતે ચાલતા. ધોરણ-૩થી પંચદેવ મંદિર ખાતે ચાલતા વર્ગોમાં ધર્મેન્દ્રએ તબલાની તાલીમ મેળવીને તબલા વાદકમાં વિશારદની પદવી મેળવી. સાથે સાથે શાળામાંથી અનેક કાર્યક્રમોમાં ભાગ લેવાનું શરૂ કર્યું. સેકટર-૧૬ની માધ્યમિક શાળાના અભ્યાસ વખતે શાળાના દરેક કાર્યક્રમમાં સંગત ધર્મેન્દ્રભાઈની જ હોય. યુવક મહોત્સવ અને બીજી અનેક સ્પર્ધાઓમાં ભાગ લઈ પ્રથમ નંબર મેળવી શાળઆને ગૌરવ અપાવ્યું હતું. તબલા/ઢોલ વગાડવાની સાથે ધર્મેન્દ્રભાઈને ફિલ્મી ગીતો ગાવાનો પણ ખૂબ શોખ. ત્રિકમભાઈ તપોધન અને મયંકભાઈ દવેએ શરૂ કરેલી સંસ્થા 'સૂર મધુર'ના કાર્યક્રમોમાં 'વૉઈસ ઑફ મુકેશ'ના ગીતો ધર્મેન્દ્રભાઈ રજૂ કરે અને ચાહના મેળવે.

તબલા વાદનમાં વિશારદની પદવી મેળવ્યા બાદ અમદાવાદની ખૂબ જાણીતી સંસ્થા 'સમક'માં જઈને નંદન મહેતા અને પંડિત પુરન મહારાજ પાસેથી તાલીમ લેવાનું શરૂ કર્યું. ચાર વર્ષ જેટલો સમય સમક માંથી તાલીમ મેળવી. એ દરમ્યાન કાર્યક્રમનો સીલસીલો તો ચાલુ જ હતો. અન્ય કાર્યક્રમોની સાથે રાસ-ગરબાના ગ્રુપમાં પણ ધર્મેન્દ્રભી વગાડવા જાય. ૧૯૮૩માં મદ્રાસ ખાતે સાર્ક ઈન્ટરનેશનલ ફેસ્ટીવલમાં રૂપલ શાસ્ત્રીના ગરબા ગ્રુપમાંથી ધર્મેન્દ્રભાઈએ પોતાની કલા પ્રસ્તુત કરી હતી. ગરબા ગ્રાઉન્ડ પર પ્રસિદ્ધ ગાયક વૃંદોના ગાન સાથે ધર્મેન્દ્રભાઈના તબલાના તાલે યુવાધન હિલોળે ચઢ્યું હતું. તેવી જ રીતે ૨૬ જાન્યુઆરી પ્રજાસત્તાક દિનની પાટનગર દિલ્હી ખાતેની ઉજવણીમાં ગુજરાતના રજૂ થયેલા ટેબ્લોમાં પણ ધર્મેન્દ્રભાઈને આમંત્રણ મળ્યું હતું. અને તેમાં પણ તેમણે સુંદર દેખાવ કરી ગાંધીનગર -ગુજરાતને ગૌરવ અપાવ્યું હતું.

૧૯૯૦માં ગાંધીનગરમાં ધર્મેન્દ્રભાઈએ સંજીવ મહેતા સાથે મળીને 'સરગમ' ગ્રુપની સ્થાપના કરી. આ ઓરકેસ્ટ્રામાંથી જૂના ફિલ્મી ગીતોના અનેક કાર્યક્રમો તેઓએ પેશ કર્યા. અને ગાંધીનગરમાં પાશ્ચ ગાયક મુકેશના ગીતોની સ્પર્ધાનું પ્રથમવાર આયોજન કરવાનો શ્રેય સરગમ ગ્રુપ અને ધર્મેન્દ્રભાઈને જાય છે. નિર્ણાયકોનીપેનલમાંના સુરમધુરના મયંકભાઈ દવે અને સંગીત ચાહકો આજે પણ આ સ્પર્ધાને સંભારે છે.

ધર્મેન્દ્રભીએ ઉચ્ચ અભ્યાસ માટે ગાંધીનગર આર્ટસ કોલેજમાં પ્રવેશ મેળવ્યો પણ કલાના રસિયા જીવને ભણવા કરતાં સંગીતમાં વધુ રસ. આથી જ્યારે પંચમ કલાવૃંદના રાજ પંડ્યા દ્વારા અમેરિકા ખાતે કાર્યક્રમ ગોઠવાયો ત્યારે ધર્મેન્દ્રભીએ પ્રથમ વખત ૧૯૯૦માં અમેરિકાની ધરતી પર કાર્યક્રમો આપ્યા. જ્યાં ગીતોની સાથે તબલાં સંગત કરતા ધર્મેન્દ્રભાઈએ વિવિધ રાગોને પ્રદર્શિત કરી સંગીતનો સુરીલો અહેસાસ કરાવ્યો હતો. પરદેશના કાર્યક્રમો, સ્થાનિક કાર્યક્રમો, કાર્યક્રમોના આયોજન અને રીહર્સલોમાં આપવા પડતા સમયના કારણે ધર્મેન્દ્રભાઈ કોલેજ અભ્યાસ આગળ ન કરી શક્યા. પરંતુ તમામ કોલેજોના ટેલન્ટ કાર્યક્રમોનું સંચાલન તો ધર્મેન્દ્રભાઈ જ કરે. સુગમ સંગીત, ફિલ્મી સંગીત, રાસગરબા કે શાસ્ત્રીય નૃત્ય કે ગાયન, કોલેજ કાર્યક્રમમાં બધી જ કૃતિઓ ધર્મેન્દ્રભાઈ તૈયાર કરાવે.

ગાંધીનગરના ગરબા ગ્રૂપો પણ ધર્મેન્દ્રભાઈના ઢોલ-તબલાના તાલ વિના અધુરા. ૮૦થી ૯૦ના દાયકામાં ધર્મેન્દ્રભાઈએ અનેક ગરબા ગ્રૂપોને પોતાના તબલાના તાલે ગરબે ઘુમાવ્યા છે. જિલ્લા રાસગરબા સ્પર્ધા, રાજ્ય કક્ષાની સ્પર્ધાઓ, યુવક મહોત્સવો વિગેરમાં ધર્મેન્દ્રભાઈનું જ સંગીત સંચાલન. એમ કહેવામાં જરા પણ અતિશયોકિત નથી કે ધર્મેન્દ્રભાઈની ગરબા ગ્રૂપો પર મોનો પોલી હતી. હેમાબેનના ગરબા ગ્રૂપ અને ધર્મેન્દ્રભાઈએ સાથે મળીને ગરબાના અનેક કાર્યક્રમો ગાંધીનગર તેમજ સમગ્ર ગુજરાતમાં રજૂ કર્યા હતા. જાણીતી સંસ્થાઓ સુરમધુર, સરગમ, અવસર, રંગોલી, મલ્હાર વિગેરે ગ્રૂપો, સચિવાલયના ગ્રૂપો, શાળા અને કોલેજોના ગ્રૂપોમાં પણ ધર્મેન્દ્રભાઈ હંમેશા રીધમ ક્ષેત્રે છવાઈ ગયેલા રહેતા. તબલાની થાપ દ્વારા રેલાતા સુરોમાં ધર્મેન્દ્રભાઈ સારંગીના કે શરણાઈના સુરોનું અનોખું મિશ્રણ કરતાં અને આખોય માહોલ સંગીતમય બની જતો.

ત્યારબાદ જાણીતા ગાયકો ઉદયભાઈ, પ્રફુલ્લાબેન શુક્લ અને મયંક દવેના સથવારે ધર્મેન્દ્રભીએ આફ્રિકામાં કાર્યક્રમો રજૂ કર્યા. આફ્રિકાના પ્રવાસ દરમ્યાન ભરપુર ચાહના મેળવ્યા બાદ ધર્મેન્દ્રભાઈની સંગીત સફર કુદકેને ભૂસકે ઉડવા લાગી, અને લંડન તથા યુ.કે.ના અન્ય સ્થળોએ અનેક કાર્યક્રમો કરીને વિદેશની ધરતી પર પણ ગૌરવ પ્રાપ્ત કર્યું.

ગાંધીનગરમાં મુનિકુમારભાઈ સાથે વગાડવાનું શરૂ કરીને ગાંધીનગરના જાણીતા કલાકારો ઉદયભાઈ- પ્રફુલ્લાબેન તેમજ જાણીતા ગાયક બિરેન પુરોહિતની સંગત કરી. એ પછી તો ગુજરાતના અને ભારતના નામી કલાકારો જેવા કે સોલી કાપડિયા, નિશા ઉપાધ્યાય, પાર્શ્વ ગાયિકા સાધના સરગામ, એહમદ હુસેન, મહમંદ હુસેન, પુરુષોત્તમ ઉપાધ્યાય, ગૌરાંગ વ્યાસ વિગેરે સાથે પણ ધર્મેન્દ્રભીએ સુસંગત કરી શ્રોતાઓની દાદ મેળવી હતી અને આમ ગાંધીનગરને અનેરું ગૌવર અપાવ્યું.

૧૯૯૦થી શરૂ કરેલી વિદેશ સફરે ધર્મેન્દ્રભાઈને અનેક સફળતાઓ અપાવી. ગાંધીનગરના યુવા આયોજક સંજીવભાઈ મહેતાની ઓળખાણ વડે ગાયક-સંગીતકાર જોન પીટર અને ધર્મેન્દ્ર તપોધનના ૨૦૦૧માં અમેરિકામાં કાર્યક્રમો ગોઠવાયા. એ પછી તો તેમના કાર્યક્રમોની માંગ વધતાં ધર્મેન્દ્રભાઈને અમેરિકામાં જ સ્થાયી થવાનીન તક મળી. ૨૦૦૧થી જ ધર્મેન્દ્રભાઈએ ન્યૂજર્સી, અમેરિકા ખાતે પોતાના સંગીત વર્ગો શરૂ કર્યા. એ ઉપરાંત બાપ્સ, સ્વામિનારાયણ સેન્ટર, સમરસેટ સ્વામિનારાયણ મંદિર વિગેરે જગ્યાએ પણ તેમના સંગીત વર્ગો શરૂ થયા. આ સિવાય તેમના કાર્યક્રમો તો નિયમિત્ત હોય જ. રાસ-ગરબા, સુગમ સંગીત હોય કે શાસ્ત્રીય સંગીત હોય, સંગત કરવા માટે તો ધર્મેન્દ્રભાઈ જ હોય. ગુજરાત તેમજ ભારતથી જતા કલાકારોને તબલા સંગત ધર્મેન્દ્રભાઈજ આપે. તેમણે અનેક સોલો કાર્યક્રમ આપીને પણ નામના મેળવી.

અમેરિકામાં ભારતની સાંસ્કૃતિક અને ધાર્મિક પરંપરાના પ્રતિક સમા અનેક સ્થળોએ વેસ્ટર્ન સંગીત, જાઝ સંગીત અને તબલાના સુર અને તાલનો અનોખો સમન્વય ધર્મેન્દ્રભાઈ સર્જતા ત્યારે સંગીતપ્રેમીઓ રીતસરનાં ડોલી ઉઠતા. જુગલબંધી અને વિવિધ રાગોને પ્રદર્શિત કરી સંગીતનો સુરીલો અને તાલબદ્ધ અહેસાસ ધર્મનેન્દ્રભાઈ કરાવતાં. છેલ્લાં વર્ષોમાં ન્યૂજર્સી ખાતે તેમના વર્ગોમાં ૬૦ વિદ્યાર્થીઓ (ભારતીય તેમજ અન્ય) તબલાની તાલીમ મેળવતા. પરંતુ માદરે વતનની મહેંક ધર્મેન્દ્રભાઈને ગાંધીનગર- ગુજરાતમાં ખેંચી લાવી.

ગાંધીનગરના સંગીતકાર સ્વ. ત્રિકમભાઈ તપોધનના ત્રણે પુત્રો- ધર્મેન્દ્ર, જયેશ અને પરેશ ખૂબ સારા કલાકારો છે. હાલમાં જ ધર્મેન્દ્રભીએ ગાંધીનગરમાં સંગીતના વર્ગો શરૂ કરવાનું નક્કી કર્યું છે. નવી પેઢીને અને ઉગતા કલાકારોને આનો લાભ આપવા એમણે આ નિર્ણય લીધો છે.

મળતાવડા, હસમુખા અને પોતાની કલામાં નિષ્ણાત એવા ધર્મેન્દ્રભાઈને પરદેશથી અનેક આમંત્રણો આવે છે પરંતુ ગાંધીનગરની સાંસ્કૃતિ સંસ્થાઓ, કલાકારો તથા સંગીત રસિકો સાથે ભળી ગયેલા ધર્મેન્દ્રભાઈ હવે ગાંધીનગરમાં જ સ્થાયી છે. જેનો ગાંધીનગરવાસીઓને ગર્વ છે. ગાંધીનગર અને ગુજરાતના સંગીતાકાશમાં ધર્મેન્દ્ર તપોધન સદાય ઝળહળતા રહે તેવી શુભેચ્છા.